# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives




## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

**February 2026 | Issue No. 75 | A monthly newsletter**

## અભિમન્યુની પ્રગતિ સાથે માતાની સ્વનિર્ભરતાની શરૂઆત



પોતાના ઓટીસ્ટીક બાળકની સંભાળની જવાબદારીની સાથે ઘરમાં પણ આર્થિક ટેકો કરવાની એમની ઈચ્છા સવિતા બેન ની હતી. એમ.એ. સુધી નો એમનો અભ્યાસ અને સિલાઈ કામ માં તેમની કુશળતા એમને હમેશા આર્થિક પ્રવૃત્તિમાં જોડવા માટે પ્રોત્સાહિત કરતી. પરંતુ બાળક અભિમન્યુ અને કામ બંને માંથી એક ની પસંદગી માં હમેશા ‘ માતા’ ની જીત થતી. કારણ કે અભિમન્યુ એમના સિવાય રહે એ મુશ્કેલી હતું. તેથી બાળક અને ઘરમાં જ તેમનો સમય પસાર થઇ જતો. આ દરમ્યાન  ચાર મહિના પહેલા પ્રભાતના ભાઈપુરા સેન્ટર પર તેમણે બાળકનું એડમિશન કરાવ્યું. બાળક ક્યારેય માતાથી દુર નથી રહ્યું તેથી માતા બાળક સાથે સેન્ટર પર જ રહે. આ દરમ્યાન એજ્યુકેટર સાથે એમની વાતચીત થઇ જેમાં સિલાઈ કામ કરીને આર્થિક પ્રવૃત્તિ કરવાની તેમણે ઈચ્છા વ્યક્ત કરી. એજ્યુકેટરે તેમની વાત નિરાંતે સાંભળી અને સમજી ત્યારબાદ તેમને સૂચવ્યું કે, એકવાર અભિમન્યુ સેન્ટરના વાતાવરણમાં ગોઠવાઈ જાય પછી ધીમે-ધીમે તેને એકલો મૂકવાનો પ્રયત્ન કરવો જોઈએ. લગભગ એક અઠવાડિયા પછી, જ્યારે અભિમન્યુ શિક્ષકો અને પ્રવૃત્તિઓથી પરિચિત થયો, ત્યારે તેની માતા તેને ક્લાસરૂમમાં મૂકીને પોતાના કામે જવાનું શરૂ કર્યું.



છેલ્લા બે મહિનામાં આ પરિવર્તન ખૂબ જ સકારાત્મક રહ્યું છે. હવે અભિમન્યુની માતા તેને માત્ર મુકવા અને લેવા જ આવે છે. અભિમન્યુ પણ હવે અન્ય બાળકો અને શિક્ષકો સાથે હળીભળી ગયો છે. બીજી તરફ, તેની માતા હવે પોતાના સિલાઈકામમાં વધુ સમય ફાળવી શકે છે. આર્થિક રીતે ઘરમાં ટેકો કરવાની એમની ઈચ્છા હવે વાસ્તવિકતા બની છે.

પ્રભાત ની બાળક ની સાથે તેના સમગ્ર પરિવાર સાથે આત્મીયતા અને ટેકા ને લીધે  એક ‘ઘરોબો’ બન્યો છે. આમ, પ્રભાતમાં સમગ્ર પરિવારને એક વિકાસની પ્રક્રિયામાં જોડવા એ અભિગમ સાથે કાર્ય કરવામાં આવે છે.

**તૈયાર કરનાર : આનંદી પંડ્યા  (એજ્યુકેટર )**

## કાર્યક્રમની ઝલક

**અસેસમેન્ટ**

- ડો.કિલ્લોલ સરના દ્વારા 16 બાળકોનું વ્યક્તિગત અસેસમેન્ટ કરી ને વન ટુ વન પ્લાન નક્કી બનાવી વાલી સાથે પણ શેયર કરવામાં આવ્યું.




- વટવા વોર્ડની આંગણવાડીમાં સ્પીચ અને સાઈકોલોજીસ્ટ અસેસમેન્ટ કરવમાં આવ્યું. આંગણવાડીમાં આ પ્રક્રિયાને લીધે કાર્યકરને બાળકોની પ્રગતિની સાથે કોઈ વિશેષ જરૂરિયાત છે કે નહિ તે ખ્યાલ આવે છે. કુલ 96 બાળકોનું અસેસમેન્ટ થયું છે.



---

**૨૬મો દિવ્યાંગ રમતોત્સવ**: કાંકરિયા ગુજરાતી શાળા નં. ૪ ના રિસોર્સ રૂમમાંથી **૨૬મા દિવ્યાંગ રમતોત્સવ**માં ૬ થી ૧૪ વર્ષની વયના ૧૦ ઉત્સાહી બાળકોએ ભાગ લીધો હતો. જેમાં તમામ બાળકોએ પોતાની ક્ષમતાઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. અમને જણાવતા આનંદ અને ગર્વ થાય છે કે, **ક્રિષ્ના રમેશભાઈએ 'નિશાનતાક' (૫ મીટર) સ્પર્ધામાં પ્રથમ ક્રમ** પ્રાપ્ત કર્યું. મેદાન પર દરેક બાળકના ચહેરા પરનો આત્મવિશ્વાસ અને રમત પ્રત્યેનો તેમનો ઉમંગ જોવા જેવો હતો.બાળકોની આ સફળતા પાછળ વાલીઓનો અવિરત સહયોગ અને 'પ્રભાત' ટીમનું માર્ગદર્શન પાયામાં રહ્યું છે.



**વોકેશનલ: કૌશલ્યથી આત્મનિર્ભરતા સુધીનું ડગલું**






- વોકેશનલ તાલીમ અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ માટે કુશળતાની સાથે વ્યવહારિક જ્ઞાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ હેતુસર, ઇન્ટર્નશીપના વિદ્યાર્થીઓના સહયોગથી વિવિધ વિષયોની જરૂરિયાત મુજબ અત્યંત આકર્ષક અને અર્થપૂર્ણ 'ટીચિંગ લર્નિંગ મટીરીયલ' (TLM) તૈયાર કરવામાં આવ્યું, જેનું પ્રદર્શન પણ ઇન્ટર્ન વિદ્યાર્થીઓ દ્વારા જ યોજવામાં આવ્યું હતું.
- બાળકોને માત્ર વર્ગખંડ પૂરતું જ્ઞાન ન મળે તે માટે તેમને પ્રત્યક્ષ ખરીદી (Shopping) માટે બહાર લઈ જવામાં આવ્યા, જેનાથી તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે.
- આ ઉપરાંત, 'કિચન ગાર્ડન'ના માધ્યમથી બાળકોને તાજી શાકભાજીની પ્રત્યક્ષ ઓળખ આપવામાં આવી અને રસોડાના દરેક કાર્યમાં તેઓ સક્ષમ બને તે માટે તેમને રસોઈના કૌશલ્યોની પણ પદ્ધતિસર તાલીમ આપવામાં આવી રહી છે.



**પ્રભાત સેન્ટર પ્રકૃતિમય બન્યું :** લીલુછમ વાતાવરણ એક જગ્યાને હમેશા હકારાત્મક અને ઉર્જાવાન બનાવે છે. ConnectForના સ્વયંસેવક દ્વારા ભાઈપુરા સેન્ટર પર આવીને કુંડાઓને કલર કરવામાં આવ્યા. સાથે કુંડામાં પાણી, માટી વગેરેનું પ્રમાણ બરાબર રહે તે માટે બાળકો સાથે પ્રવૃતિઓ પણ કરી. આ 'નેચર થેરાપી' એ માત્ર બાળકો જ નહીં પણ ConnectForની ટીમ અને પ્રભાત પરિવારના દરેક સભ્યને પ્રફુલ્લિત કરી દીધા હતા. પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ અને સર્જનાત્મકતાના સમન્વય સમાન આ ગુણવત્તાસભર સમય દ્વારા સેન્ટરનું વાતાવરણ જીવંત, હકારાત્મક અને પ્રકૃતિમય બની ગયું હતું.



**અપડેટ : સમાવેશી આંગણવાડીમાં વાલીની ભાગીદારી :** આંગણવાડીઓને 'સમાવેશી શિક્ષણ'ના સશક્ત કેન્દ્ર બનાવવાના ઉદ્દેશ્ય સાથે થઇ રહેલ કાર્યમાં આ મહીને વાલીઓ સાથે ખાસ કાર્ય હસ્તક્ષેપ કરવામાં આવ્યું. જેમ કે, ગીતા નગર આંગણવાડીના 25 વાલીઓ સાથે શિક્ષણની પદ્ધતિઓ અને સ્પેશિયલ એજ્યુકેટર્સ દ્વારા ઉપયોગમાં લેવાતા 'ટીચિંગ લર્નિંગ મટીરિયલ' (TLM) ના જીવંત પ્રદર્શન દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા. બીજું, ગુલમહોર આંગણવાડીમાં રેતી પર અંક લેખન જેવી પાયાની પ્રવૃત્તિઓમાં વાલીઓની પ્રત્યક્ષ ભાગીદારીએ આગામી સમયમાં સમાવેશી આંગણવાડી માટે નવી દિશા ખોલી છે.

આ પ્રક્રિયામાં વાલી અને આંગણવાડી કાર્યકર પણ એટલા જ મજબુત હિતધારક છે તેથી પ્રભાત દ્વારા તેમની સાથે ચોક્કસ દિશામાં તેમની ભાગીદારી માટે સર્જનાત્મક કાર્ય કરતા રહેવાનં આયોજન છે.

## પ્રશિક્ષણ



**ટીમ કેપેસિટી બિલ્ડિંગ:** સંસ્થાની કાર્યપદ્ધતિને વધુ સજ્જ બનાવવાના હેતુથી ટીમ માટે 'ક્ષમતા વર્ધન' (Capacity Building) સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતે મુખ્ય વિષય **'હાઇપર એક્ટિવ બાળકો સાથેનું કાર્ય'** રાખવામાં આવ્યો હતો, જેમાં નિષ્ણાત ડો. કિલ્લોલે સંવાદ અને પ્રવૃત્તિઓ દ્વારા બાળકના મૂલ્યાંકન કરવાની કળા શીખવી હતી. આ સત્રમાં ફિલ્ડ પર આવતા પ્રશ્નો અને મૂંઝવણો અંગે ટીમે ડોક્ટર સાથે સીધો સંવાદ કર્યો હતો. આ પ્રશ્નોત્તરી દ્વારા ટીમને કાર્યના નવા આયામો સમજવા મળ્યા હતા, જે તેમના આત્મવિશ્વાસમાં વધારો કરશે.

## એડવોકસી (હિમાયત )



**'ઇન્ક્લુઝિવ ઇ-કુકિંગ' રિસર્ચ: સમાપન કાર્યશાળા :** પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન અને લોફબરો યુનિવર્સિટી (UK) ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ઇન્ક્લુઝિવ ઇ-કુકિંગ રિસર્ચ' પ્રોજેક્ટની સમાપન કાર્યશાળા સંપન્ન થઈ. જમીની સ્તરના અનુભવો અને ડેટા કલેક્શનના તારણો રજૂ કરવાના હેતુથી આયોજિત કાર્યશાળામાં CRC ના મુખ્ય સંચાલક અજિત સિંહ , ફિનોવિસ્તાના પ્રતિનિધિ શીતલજી તેમજ CEPT અને NID જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાતો, શ્રી અશોક ચેટરજી, શ્રી હાસ્યલતા બહેન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળામાં ઉર્જા અને વિકલાંગતાના અત્યાર સુધી વણસ્પર્શ્યા પાસાઓ પર મંથન કરવામાં આવ્યું, જેમાં સરકારી પ્રતિનિધિઓએ ઇ-કુકિંગને 'લક્ઝરી' ને બદલે 'જરૂરિયાત' ગણાવી તેને ADIP યોજના અને ALIMCO દ્વારા પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો.

ડૉ. અમિતા દ્વારા પ્રસ્તુત મુખ્ય તારણો અને અભ્યાસના સહભાગીઓએ વર્ણવેલા પોતાના સમૃદ્ધ અનુભવોએ સાબિત કર્યું કે ઇલેક્ટ્રિક રસોઈ એ માત્ર ટેકનોલોજી નથી, પરંતુ દિવ્યાંગ મહિલાઓના સશક્તિકરણ અને સ્વાવલંબન માટેનું એક સબળ માધ્યમ છે. **રસોડામાં આધુનિકતા અને સમાનતાનો નવા અધ્યાય ની શરૂઆત કરી છે.**

---



**સમાવેશી શિક્ષણની નવી ક્ષિતિજ: 'વ્હાઈટ પેપર'નું વિમોચન:** અનંત નેશનલ યુનિવર્સિટીના પ્રાંગણમાં તાજેતરમાં પ્રેરણાદાયી કાર્યક્રમ સંપન્ન થયો. 'સમાવેશી શિક્ષણ' (Inclusive Education) ના વિષય પર તૈયાર કરાયેલા **'વ્હાઈટ પેપર'** ને જાહેર કરતા અમે અત્યંત ગૌરવ અને આનંદની લાગણી અનુભવીએ છીએ. આ પ્રસંગે 'પ્રભાત' સંસ્થાના ડાયરેક્ટર શ્રી કેશવ ચેટરજી અને યુનિવર્સિટીના પ્રોવોસ્ટ શ્રી ડો.સંજીવ, વિદ્યાર્થી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ રિપોર્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તે એક પ્રતિષ્ઠિત યુનિવર્સિટી અને જમીની સ્તરે કામ કરતી સંસ્થાના સંયુક્ત પુરુષાર્થનું પરિણામ છે. આ 'વ્હાઈટ પેપર' માત્ર એક દસ્તાવેજ નથી શિક્ષણ જગત માટે એક દિશાસૂચક બની રહેશે. અમારો સંકલ્પ છે કે આ અભ્યાસ વધુમાં વધુ સંસ્થાઓ, સરકાર અને શિક્ષણવિદો સુધી પહોંચે, જેથી સમાવેશી શિક્ષણનું સપનું સાકાર થઈ શકે.

---

### નેટવર્કિંગ :'

**AmdavadNXT' પહેલમાં પ્રભાતની સહભાગિતા :** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ પહેલ અન્વયે અમદાવાદને બાળકો માટે વધુ સુરક્ષિત, સમાવિષ્ટ અને રમવા યોગ્ય બનાવવાના ઉદ્દેશ્ય સાથે આયોજિત **'રન ફોર એવરી ચાઈલ્ડ'** ઇવેન્ટમાં પ્રભાતના બાળકોએ ભારે ઉત્સાહ સાથે દોડીને સૌને પ્રેરિત કર્યા હતા. જરૂરિયાતો વિશે મજબૂત રજૂઆત કરી હતી.

આ ઉપરાંત, શહેરની ગતિશીલતા અને શહેરી વિકાસ પર કેન્દ્રિત ત્રિ-દિવસીય પ્રદર્શન અને સંવાદ મંચમાં પણ પ્રભાત સહભાગી બન્યું હતું. આ મંચ પર પ્રભાતના ડાયરેક્ટર શ્રી કેશવ ચેટરજીએ ખાસ જરૂરિયાત ધરાવતા બાળકોની સુરક્ષા અને તેમની વિશિષ્ટ આ પહેલનો મુખ્ય હેતુ બાળકો માત્ર શહેરના 'રહેવાસી' નહીં પરંતુ 'સક્રિય નાગરિક' બને અને શેરીઓમાં નિર્ભય બનીને રમી શકે તેવું વાતાવરણ ઊભું કરવાનો છે.આ કાર્યક્રમમાં પ્રભાત સંસ્થાએ સક્રિય ભાગીદારી નોંધાવી હતી.





## ઘરોબો

**વિશેષ સહાયક સાધન વિતરણ કેમ્પ** : પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન અને શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ (BMVSS) દ્વારા ૧૨ થી ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ અને અન્ય મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં 'વિશેષ સહાયક સાધન વિતરણ શિબિર'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું



ભાઈપુરામાં મનોદિવ્યાંગોને વિવિધ સાધનોનું વિતરણ

**અમદાવાદ** । ભાઈપુરા વોર્ડ ખાતે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા મનોદિવ્યાંગ બાળકોને ટ્રાઈસિકલ, વ્હીલચેર તેમજ કેલિપરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.



**"કોઈ બાળક પાછળ ન રહે"** તેવા સંકલ્પ સાથે યોજાયેલા આ ત્રણ દિવસીય કાર્યક્રમમાં 392 સેરેબ્રલ પાલ્સીગ્રસ્ત બાળકોની મફત તપાસ કરી તેમને સી.પી. ચેર, કેલિપર્સ અને વોકર્સ જેવા 620થી વધુ  જરૂરી સાધનો આપવામાં આવ્યા હતા. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને આત્મનિર્ભર બનાવી, તેમનામાં આત્મવિશ્વાસ અને ગૌરવ જગાડી સમાજમાં સમાન તક પૂરી પાડવાનો છે.

## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ 02 , સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -04 , પેન્શન માટેના સહાય ફોર્મ -2  ભરવામાં આવ્યા.


**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT
EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS